# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC A (3.02) State University

યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન:(૦૨૭૬૬) ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**પરિપત્ર નં./ ૧૨૦/૨૦૧૭**

**વિષય : એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફોર્મ ઓન લાઈન કરવા અંગે...**

**શ્રીમાન,**

આ યુનિવર્સિટીના ઓર્ડિ. – ૪૨ મુજબ પ્રથમ વર્ષના સેમે.–૧માં પ્રવેશ મેળવતાં વિધાર્થીઓના એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન કરાવવાનાં હોય છે. એનરોલમેન્ટ અને રજીસ્ટ્રેશનની કામગીરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી યુનિવર્સિટી ધ્વારા ઓનલાઈન મૂકેલ સોફટવેરમાં કરવાની રહેશે.

વિધાર્થીઓ પાસે એનરોલમેન્ટ ફોર્મ ભરાવી તે ફોર્મની એન્ટ્રી કોલેજે યુનિવર્સિટી ધ્વારા નિર્ધારીત કરેલ ઓનલાઈન સોફટવેરમાં કરવી અને તે સોફટવેર ધ્વારા તૈયાર થયેલ પત્રકો તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ચલણ થી એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફી જમા કરાવી ચલણની ઝેરોક્ષ નકલ સાથે યુનિવર્સિટીમાં **સાયન્સ વિધાશાખા સિવાયની કોલેજોએ** મોડા માં મોડા **તા.૩૧–૭–૨૦૧૭** સુધીમાં જમાં કરાવવાનાં રહેશે.**સાયન્સ વિધાશાખાની કોલેજોએ તા.૧૬–૮–૨૦૧૭** સુધીમાં જમાં કરાવવાનાં રહેશે. ત્યાર બાદ કોઈપણ સંજોગોમાં એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.જેની નોંધ લેશો.

આ પ્રોગ્રામ ધ્વારા કરવામાં આવેલ એન્ટ્રીનો ઉપયોગ પરીક્ષા ફોર્મમાં પણ કરવાનો રહેશે. આથી કોઈ પણ વિધાર્થીનાં નામના સ્પેલીંગમાં કે અન્ય વિગતમાં જો ભૂલ થયેલ હશે તો તેની સઘળી જવાબદારી સંબધિત વિધાર્થીની અને કોલેજની રહેશે. જેથી વિધાર્થીનાં નામ/સરનામાની એન્ટ્રી ચિવટપૂર્વક કરી તેની જરૂરી ચકાસણી કરી યુનિ.ને મોકલવાનાં રહેશે.

૧. એનરોલમેન્ટ/ રજીસ્ટ્રેશન ફોર્મનો નમુનો ઓન લાઈન મૂકવામાં આવેલ છે. ઓનલાઈન મૂકેલ ફોર્મની તમામ વિગતોની એન્ટ્રી કરવાની રહેશે.

૨. એનરોલમેન્ટ ફોર્મ માં વિધાર્થીના નામ ધો.$12^{th}$ ની માર્કશીટ મુજબ લેવા જયારે રજીસ્ટ્રેશન ફોર્મ માટે છેલ્લી ટી.વાય.(સ્નાતક)ની માર્કશીટ પરથી લેવા.

૩. ઓનલાઈન એન્ટ્રી થયેલ ફોર્મ મુજબ **એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦ /–** ફોર્મ દીઠની રકમ ઓનલાઈન એસબીઆઈની કોઈ પણ શાખામાં ચલણ થી **રજીસ્ટાર, હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ** ના ખાતામાં જમા કરાવવાનાં રહેશે.ત્યાર બાદ જમા કરાવેલ ચલણની નકલ યુનિ.માં જમા કરાવવી. **સદર નાણાં તા.૩૧–૭–૨૦૧૭ સુધીમાં બેન્કમાં જમા કરાવવાનાં રહેશે.ત્યાર બાદ જમા થયેથી નિયમાનુસાર લેઈટ ફી લેવામાં આવશે.**

૪. જે તે વિધાશાખામાં વિધાર્થીને પ્રવેશ આપતી વખતે જે તે વિધાર્થી યુનિવર્સિટીના નિયમાનુસાર પ્રવેશ પાત્રતા ધરાવે છે તેની ખાત્રી કોલેજે કરી લેવી જરૂરી છે. પ્રવેશપાત્રતા ન ધરાવતાં વિધાર્થીઓનાં પ્રવેશ રદ કરવામાં આવશે. તેની જવાબદારી વિધાર્થી અને કોલેજની રહેશે.

૫. ઓનલાઈન એન્ટ્રી કરવા માટે www.hngu.net લોગીન કરવુ. ઓન લાઈન એન્ટ્રી માટે કોઈ પણ પ્રકારની મુશ્કેલી પડે તો **મોબાઈલ નંબર–૭૬૦૦૮૦૦૭૧૯** ઉપર સંપર્ક કરવો.

૬. સદર ઓનલાઈન એન્ટ્રી માટે વિધાર્થીનો ફોટો અને તેની સહી સ્કેન કરવાના રહેશે. વિધાર્થીનો ફોટો અને સહી સ્કેન કર્યા વગરનું ફોર્મ કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

૭. એન.ફી /રજી.ફી યુનિ.ની વેબ સાઈટ **www.ngu.ac.in** ધ્વારા **Enrolment-2017 → PROCEED- →STATE-GUJARAT- પસંદ કરવુ , → TYPE→ EDUCATIONAL INSTITUTIONS → GO EDUCATIONAL NSTITUTIONS→ REGISTRAR HNGU PATAN → SUBMIT SELECT CATEGORY→ ENROLMENT/REGISTRATION પસંદ કરવું**

**ત્યાર બાદ તમારી કોલેજની વિગતો માંગ્યા મુજબની ભરવી.ચલણ ની કોપી કાઢવી, તે ચલણથી જ બેન્કમાં નાણાં જમા કરાવવા. બીજા દિવસે તે સાઈટ પર જઈ તેની પહોંચ મેળવી લેવી, ત્યાર બાદ પહોંચની ઝેરોક્ષ નકલ આચાર્યની સહી,સિકકા સાથે એન્ટ્રી કરેલ લીસ્ટની કોપી સાથેની વિગતો પણ યુનિવર્સિટીમાં જમા કરવાની રહેશે.**

સદર કાર્યવાહીમાં આપનો સાથ અને સહકારની અપેક્ષા સહ.

કા. કુલસચિવ

*નં.એકે/પ્રવેશ/૩૮૩૪ /૨૦૧૭*
*યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૨૧*
*પાટણ – ૩૮૪૨૬૫*
*તા. ૦૯ /૦૬ /૨૦૧૭*

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટી / અનુ. વિભાગોના તમામ અધ્યક્ષશ્રીઓ

નકલ રવાના :
યુનિવર્સિટીનાં તમામ શાખાધ્યક્ષશ્રીઓ તરફ જાણ સારૂ
કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિ.ની વેબ સાઈટ પર મૂકવા સારૂ,
આંકડાકીય શાખા તરફ તમામ કોલેજોને ઈ–મેલ કરવા સારૂ